

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*શિક્ષણ વિના પરીક્ષણ કેવું ! - પરીક્ષા છે !!*
*થશે કયારે ? વિદ્યાર્થી ધીરજની - પરીક્ષા છે !*
*કેવી કેમ ? 'નિર્ણાયક' તંત્રની - પરીક્ષા છે !*
*છે યાંત્રિક - કર્મકાંડ માત્ર આ - પરીક્ષા છે !*
*(વેઠની તારીખો હવે જાહેર થશે)*

હાઈકુ

*શિક્ષણ ધંધે*
*ફી 'ખંડણી' લેવાની -*
*આ પરીક્ષા છે...*

*વાલીઓ માટે*
*આ ઉઘરાણી ચિંતા -*
*મોટી પરીક્ષા...*

### ચિંતન

*ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં સૌચનિન્દ્રિયનિગ્રહઃ ।*
*ધીર્વિદ્યા સત્યમક્રોધો દશકં ધર્મલક્ષણમ્ ॥*

ઉપરોક્ત શ્લોક શ્રી સુભાષિત પદ્યાવલિમાંથી લેવામાં આવેલ છે.

ધર્મના દસ લક્ષણ છે, ધૈર્ય, ક્ષમા, આત્મનિયંત્રણ, ચોરી ન કરવી, પવિત્રતા, ઈન્દ્રિય સંયમ, બુદ્ધિ, વિદ્યા, સત્ય અને ક્રોધ ન કરવો.

અહીં ધર્મના દસ લક્ષણ આપવામાં આવ્યાં છે જે 'સનાતન સત્ય' જેવાં છે એનો કોઈ પણ ધર્માચાર્ય - વડા-મૌલવી - મહંત એ 'સત્ય'નો અસ્વીકાર કે વિરોધ તો નહીં જ કરી શકે.

આ દસ લક્ષણો ધર્મનો આત્મા છે પછી બધા ધર્માચાર્યો એને પોતાનો પોષાક ધર્મચિહ્નો - સ્તુતિ - પ્રાર્થનામાં ઢાળી 'કટ્ટરતા' ના શસ્ત્રોની મજબૂત-શ્રેષ્ઠ બનાવવાના પ્રયત્ન કરી પોતાનું 'મહત્ત્વ' વધારે છે.

### સુવિચાર

- જો મુસ્કુરા રહા હૈ, ઉસે દર્દને પાલા હોગા, જો ચલ રહા હૈ ઉસકે પાંવ મેં છાલા હોગા, બિના સંઘર્ષ કે ઈન્સાન ચમક નહીં સકતા જો જલેગા ઉસી દિયે મેં તો ઉજાલા હોગા - **ચિરાગ મહેતા**
- સુખનો સુરજ ત્યારે જ ઉગશે જયારે આપણે દુઃખોની રાતોથી લડતાં રહીશું - **એસ. ભટ્ટાચાર્ય**
- સફળતાના સૌ હિસ્સેદાર, નિષ્ફળતાના ન કોઈ - **રસેલ**
- જેની પાસે પોતાની વિવેક બુદ્ધિ નથી, તેને શાસ્ત્ર શું કરી શકે? - **ચાણક્ય**
- સજ્જનની સોબતથી મૂર્ખ પણ પ્રવીણ બને છે - **હિતોપદેશ**
- સારું મેળવવું એ પાશવતા છે, સારું કરવું એ માણસાઈ છે, સારું થવું એ દેવાતાઈ - **માર્ટીનેવ્યુ**
- આજનું ઔષધ : તુલસીના પાન, અરડૂસીના પાન, સુરજમુખીનાં પાનનો રસ સરખે ભાગે સવાર સાંજ ૧૦ મિલિ લેવાથી તાવ ઉતરે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આજકાલના જમાનામાં સાદાઈ પછાત જ નહીં, મૂરખાઈ ગણાય છે. તમારી પાસે મોંઘો ફોન નથી ? તમે હજી વિમાનમાં બેઠા નથી ? તમને આવા પ્રશ્નો પૂછીને તમારામાં લઘુતાગ્રંથી ઊભી કરવામાં આવતી હોય છે. સાદગીથી જીવનારાઓની મજાક ઉડાવવાનું આજકાલ સહજ થઈ ગયું છે. સંતોષી માણસને મહત્વાકાંક્ષા વગરનો ગણવામાં આવે છે. એ પ્રગતિ કરી શકતો નથી અને દુઃખી રહે છે એવું માની લેવામાં આવે છે. એક અતિ ધનવાન માણસે વિમાન ખરીદ્યું. હવે જયાં પણ જવું હોય ત્યાં એ મનમોજી પણે જઈ શકતો. લોકોએ તેને કહ્યું, 'ભાઈ, તમે તો બહુ સુખી થઈ ગયા, જયાં જવું હોય જયારે જવું હોય ત્યારે તરત વિમાન તમારા માટે હાજર છે.' ધનવાને જવાબમાં કહ્યું, 'અરે, હું તો દુઃખી થઈ ગયો છું. કયાંક જવું ન હોય તોયે વિમાન અપ-ટુ-ડેટ તૈયાર રાખવું પડે. પાઈલોટ વગેરે સ્ટાફ રાખવો પડે. ને જયારે કોઈ નેતા, ઉદ્યોગપતિ કે મોટો માણસ વિમાન માગે ત્યારે ના ન પડાય. ના પાડું તો સંબંધ બગડે. તેઓ વિમાન લઈ જાય ત્યારે વિમાનનું પેટ્રોલ ખર્ચ પણ મારું. આના કરતાં ચાર્ટર પ્લેન કરી લેવું સારુ..' ધનિકે બળાળો કાઢતા કહ્યું, 'નાનો હતો ત્યારે આકાશમાં ઊડતું વિમાન જોઈ ખૂબ મજા કરતો. હવે તો એવો ત્રાસ થાય છે કે વિમાન જ વેચી મારું.... પણ જો વિમાન વેચીશ તો આબરું જાય અને લોકોને શંકા-કુશંકા જાય કે પૈસાની તકલીફ લાગે છે.'

# અમિતાભ હોસ્પિટલમાં, હાર્દિક મેદાનમાં

**તંત્રીસ્થાનેથી...**

કોરોના ગમે તેટલું ક્રૂર વિષાણુ હોઈ શકે પણ એનો એક ગુણ વખાણવા જેવો છે. તે માણસ માણસ વચ્ચે ભેદભાવ નથી કરતું. એ ફૂટપાથ પર સૂઈ રહેનાર ભિખારીને અને સદીના મહાનાયકનું બિરુદ મેળવી ચૂકેલા અભિતાભ બચ્ચને સમાન ગણે છે. બચ્ચનનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો થે જાણીને અનેક અનામી દરદીઓને રાહત અનુભવતા હશે. એ જુદી વાત છે કે બચ્ચનને નાણાવતી હોસ્પિટલમાં વર્લ્ડ કલાસ સારવાર મળશે જયારે પેલા ફૂટપાથિયાને કદાચ દિવસોના દિવસો લગી આંટાફેરા ખાધાં છતાં કહેવાતી સારી હોસ્પિટલોના દરવાજેથી જ જાકારો મળ્યો હશે. કોરોના સામેના યુદ્ધમાં બચ્ચન બ્રાન્ડ એમ્બેસેડરની ભૂમિકામાં છે. વળી કોરોના પ્રેરિત લોકડાઉન પછી વતન જવા ટોળે વળતા અને ટળવળતા શ્રમિકોને સોનુ સૂદની જેમ એમણે પણ ખાસ્સી મદદ કરી હતી. કોરોનાએ રાજનેતાઓને પણ છોડ્યા નથી કે ધર્માધ્યક્ષોને પણ બક્ષ્યા નથી. મણિનગર ગાદી સંસ્થાનના સર્વોચ્ચ અધિષ્ઠાતા આચાર્ય પુરુષોત્તમ પ્રિય મહારાજ એનું જ્વલંત ઉદાહરણ છે. ઝુઝારું ક્ષત્રિય નેતા કોરોનાને મહાત આપીને 'વસંત વગડા' ખાતે મૌન પાળી રહ્યા છે. હવે એ વિધાનસભાની પેટાચૂંટણીમાં પ્રચાર કરવા બહાર નીકળવાનું સાહસ ભાગ્યે જ કરશે. પ્રદેશ કોંગ્રેસના ચાલુ પ્રમુખ અમિત ચાવડા માટે કોંગ્રેસની આઠ બેઠકો કરતાં ફોઈબાના સુપુત્ર અને વરિષ્ઠ કોંગ્રેસી નેતા ભરતસિંહ સોલંકી વધુ મહત્ત્વના હોય અને હોવા જ જોઈએ. જાન હૈ તો જહાન હૈ. એમની આ મજબૂરી જોઈને જ હાઈકમાન્ડે હાર્દિક પટેલને કાર્યકારી પ્રમુખનો ટેમ્પરરી તાજ પહેરાવી રમતા મૂક્યા હોવા જોઈએ. ચૂંટણીમાં સવિશેષ સૌરાષ્ટ્રની બેઠકો હોઈ ત્યાં પાર્ટીદાર ફૅક્ટર મહત્ત્વનું છે, અલબત્ત ઝુઝારું પાટીદાર નેતાની હરિફાઈ હવે જે - તે વિસ્તારના પાટલી બદલું કોંગ્રેસી ઉમેદવાર સાથે કે સામે ભાજપની સ્થાનિક અથવા પ્રાદેશિક નેતાગીરી કરતાં વધારે તો રાજયસભાના નવા ચૂંટાયેલા સદસ્ય નરહરિ અમીન સાથે રહેશે. મોદી-શાહે ચાણક્યબુદ્ધિ વાપરીને કોંગ્રેસ દ્વારા સતત ઉપેક્ષિત અને વારંવાર ચૂંટણીઓ હારતાં છતાં લાઈમલાઈટમાં રહેતા પૂર્વ મુખ્યમંત્રીને પહેલાં તો પોતાનો કેસરિયો પહેરાવ્યો અને પછી નૈતિક ધોરણે હારવા માટેની બેઠકના ઉમેદવાર બનાવી કેસરિયાં કરાવ્યાં. આ કેસરિયાં કરતાં નરહરિ અમીનને જિતાડવા માટે સવિશેષ કોંગ્રેસના પાટીદાર ધારાસભ્યોને ખેરવવાની યોજના બનાવાઈ હતી. બીજા પણ ખેરવાયા, પણ પાટીદાર ધારાસભ્યો તો નરહરિ અમીન એમનું રક્ષાકવચન બની રહેશે એવી શ્રદ્ધા સાથે જ નાતરું કરવા તૈયાર થયા. એટલે હવે હાર્દિક પટેલના અને નરહરિ અમીનના વજૂદનાં પણ આ પેટાચૂંટણીમાં પારખાં થઈ જશે તે નક્કી છે. હાર્દિક પટેલની ઈમેજ ખંડિત થયેલી છે. એ કોઈ પરિપક્વ, ઠરેલ નેતા નથી. એમને કાર્યકારી પ્રમુખનો સેરો બંધાવી દેવામાં ઘણા જૂના અને વફાદાર કોંગ્રેસી નેતાઓ પાર્ટી ખોટનો ધંધો કરી રહી છે એવું જ લાગે તે સ્વાભાવિક છે. કહેવત છે કે હાર્યો જુગારી બમણું રહે. કોંગ્રેસની હાલત ગુજરાત પૂરતી તો હારેલા જુગારી જેવી જ છે. એમાં એણે હાર્દિક પટેલ નામનું પાનું ઉતરીને ખુદ પોતાના જ જૂના કાર્યકરોનો આંચકો આપ્યો છે. પાટીદારોને પોતાની પાંખમાં લેવાના પ્રયાસરુપે ધાનાણીને વિપક્ષના નેતાનું પદ આપ્યાં છતાં ઝાઝો ફરક નથી પડ્યો. લોકસભાની ચૂંટણીમાં ધાનાણીને પણ ભાજપે કદ મુજબ વેતરી નાખ્યાં હતા. ગત વર્ષો દરમિયાન ત્રણ યુવાન ચહેરાઓ કોંગ્રેસના સમર્થનમાં ઊપસી આવેલા જે પૈકી અલ્પેશજીનો ક્ષત્રિય ચહેરો સાવ ભૂંસાઈ ચૂક્યો છે. એમણે પક્ષપલટો કરી કોંગ્રેસ સાથો છેડો ફાટી દીધો છે અને ભાજપમાં હાંસિયે ધકેલાઈ ગયા છે. જિજ્ઞેશ મેવાણી દલિત એક્ટિવિસ્ટની તટસ્થ છાપ ઊભી કરવા કોંગ્રેસમાં જોડાયા નથી. હવે હાર્દિકની કસોટી છે. હાર્દિક કેટલું કાઠું કાઢશે તે બહુ જલ્દી સમજાઈ જશે. રાહુલ ગાંધીના ઈશારે કોંગ્રેસનું ઓવરહોલિંગ ચાલી રહ્યું છે. એમનું આ પગલું કોંગ્રેસના દેવાળિયાપણાની નિશાની છે કે એને મજબૂત પીઠિકા પર મૂકી આપનારું ચાણક્યપગલું છે તે સમય જ કહેશે.

# કોરોના કાળમાં ક્રાઈમ રેટમાં વધારો

## સાયબર ક્રાઈમ ઈ-ચીટીંગ ધોકાધડી તથા ડોમેસ્ટીક વાયલન્સના કિસ્સામાં અચાનક ઉછાળો



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

કોરોના કાળમાં મહામારીની સાથે ગુન્હાખોરી પણ વધવા લાગી છે. ૭૫ દિવસના લોકડાઉન બાદ ધરફો ચોરી, વાહન ચોરી, ચેઈન સ્કેચીંગ, બેન્કમાંથી રોકડ લઈ નિકળતા ચીલઝડપ, ઓનલાઈન ચીટીંગના બનાવોની સંખ્યા વધતી જાય છે. શહેરમાં હત્યાના એક ડઝન ઉપરાંત ગુન્હા નોંધાયા છે. વૃધ્ધોને વધારે ટાર્ગેટ કરવામાં આવે છે. કોરોના કાળમાં સૌથી વધારે ગુન્હામાં ઉછાળો ઈ-ચીટીંગનો આવ્યો છે સાયબર ક્રાઈમના ગુન્હામાં પણ ધરખમ વધારો જોવા મળ્યો છે તો બીજી બાજુ માનવતાને નેવે મુકવાના બનાવો બનવા લાગ્યા છે. પોતાના સગા મા બાપને તરછોડવાના બનાવો તેમજ વૃધ્ધા આશ્રમમાં મુકવાના બનાવોની સંખ્યા વધતી જાય છે. જે સમાજમાં સર્મસાર કરનાર ઘટના છે તેમજ પત્નીને તરછોડવાના બનાવો વધતા જાય છે.

લોકડાઉનના ૭૫ દિવસમાં ગુન્હાની સંખ્યામાં નોધપાત્ર ઘટાડો જોવા મળેલ છે જયારે એકસીડન્ડના એકપણ ગુન્હા નોંધાયા ન હોતા પરંતુ જુન મહિનના પ્રારંભથી જ એકાએક ગુન્હાખોરીનું પ્રમાણ આશ્ચર્યજનક રીતે વધારો થતો ગયો. બજારમાં નાણા ભીડ પ્રવર્તી રહી છે. ચેક રીર્ટનના કેસોમાં વધારો થતો ગયો છે. લોકોના આર્થીક વ્યવહારો ઉપર આની અસર થતા બજારોમાં મંદિ જોવા મળી રહી છે. ધંધા રોજગાર બંધ થયા છે. જેથી બેરોજગારીનું પ્રમાણ વધતા લોકો ગુન્હાખોરી તરફ વળ્યા છે. લોકડાઉનનો સમયગાળો ગુન્હાખોરી માટે સાયલન્સ પીરીયડ રહ્યો હતો. જનજીવનમાં રફતાર પકડાતા ગુન્હાખોરીમાં પણ રફતાર જોવા મળી રહી છે. માનવતા સર્મસાર થઈ રહી છે. લોકોનો એકબીજા ઉપરથી વિશ્વાસ ઉઠી રહ્યો છે. અવિશ્વાસથી આર્થીક વિવાદની ફરીયાદો અને ચીટીંગની ફરીયાદોમાં વધારો થતો જાય છે. તો બીજી બાજુ કોર્ટ કચેરીઓ બંધ હોવાથી લોકોને ન્યાય મેળવવા તથા ચોરેલ મુદ્દામાલ પરત મેળવવા માલીકોને તકલીફ પડી રહી છે. પોલીસ સ્ટેશનમાં વાહનો બીનવારસી હાલતમાં પડયા છે જેને છોડાવનાર નથી કે દંડ ભરવા લોકો પાસે પૈસા નથી.

લોકડાઉનના કારણે બેન્કો બંધ રહેતા નેટ બેન્કીંગ તરફ લોકોનો ટ્રેડ વધતા ઈ-ચીટીંગ વધવા લાગ્યું છે. નાણાભીડ ઘેરી બનતા લોકો ચીટીંગના વ્યવસાય તરફ વળ્યા છે. તમામ પ્રકારના ગુન્હાખોરીને નાથવા ગુજરાત પોલીસ સક્ષમ હોવા છતાં સાયબર ક્રાઈમ રેટમાં ઘટાડો નોંધાતો નથી કે સાયબર ક્રાઈમ ઈ-ચીટીંગના કેસો ઉકેલવામાં એનકેન પ્રકારે પોલીસ ખાતુ નિષ્ફળ રહ્યું છે. જેનો ભોગ પ્રજા બને છે.

કોરોના સંક્રમણ અટકાવવા માસ્ક પહેરવા ફરજીયાત હોવા છતાં લોકો તેનું ઉલ્લંઘન કરતા સરકારે માસ્ક ના હેરનારને રૂ.૨૦૦/- ના દંડની જોગવાઈ કરેલ છે જેનું કડક પાલન કરવા પોલીસને જવાબદારી સોંપવાઈ છે. જેમાં દંડ ના જ અત્યાર સુધી કરોડ રૂપિયા પોલીસ ઉઘરાવી ચુકી છે.

કોરોના પછી નાણાભીડ વધતા લોનના હપ્તા ના ભરાતા બેન્કો દ્વારા બાઉન્સરોની મદદથી હપ્તા ઉઘરાવવા કાયદા વિરૂધ્ધ પગલા ભરવાની ફરજ પડી છે. લોકોની મીલ્કતો જપ્ત કરવા તથા તેની નિલામી કરી નાણા મેળવવામાં ઘણો સમય વીતે તેમ હોય બેન્કોએ ઉદ્યોગ, ધંધાને લોન આપવામાં કાપ મુકવો પડયો છે. જેની અસર નવા ઉદ્યોગકારો, રોજગારી વાચ્છુંઓ ઉપર પડી છે.

નાણાભીડ વધતા હરીફાઈ વધતા મારામારી અને ધાકધમકીના ગુન્હામાં પણ વધારો થયો છે. ખાનગી વ્યવહારો કરનારા વ્યાજખોરો બેફામ વ્યાજ ઉઘરાવતા વ્યાજ ભરનારથી કમર તુટી ગઈ છે. નાણા ના મળતા મારા મારી, બંધક બનાવવાના કિસ્સા પણ વધ્યા છે.

કલર કામ, સુથારી કામ, દૂધનાવારા, છાપાવાળા, બાંધકામના કારીગરો, કડીયા મજુરોના ધંધામાં હરીફાઈનો સામનો કરવો

**અનુસંધાન પાના નં ૭ પર**

# આપણા આંસુ આપણે જ લૂછીએ, એમ નિર્ભર સ્વ પર થઈએ



**WhatsApp ઑફ ધી વીક**
નેહલ ગઢવી

ભણતર પણ નડતું રહ્યું ઘણું
ચાલ ઘડતરને કામે લગાડીએ.
આપણા આંસુ આપણે જ લૂછીએ
એમ નિર્ભર સ્વ પર થઈએ.

- મુકેશ બ્રહ્મભટ્ટ

૧૯૫૨-૫૩ની સાલની વાત છે. રાજકોટમાં પૃથ્વીરાજકપૂર આવ્યા હતા. એમનાં પ્રખ્યાત નાટકો લઈને. પૃથ્વીરાજનાં નાટકોમાં રાષ્ટ્રીય અને સામાજિક જાગૃતિની એક ઝલક હતી. ગોંડલ રોડ ઉપરના એક વિશાળ મકાનમાં તેમનો ઉતારો હતો. તેમનાં નાટકો વિષે ઘણીબધી વાતો કરી અને પછી તેમના પુત્ર રાજકપૂર વિશે પૂછ્યું. સવાલ કંઈક આવો હતો : 'રાજકપૂર' 'બરસાત' જેવી ફિલ્મમાં શું કહેવા માંગે છે? પ્રણયની ઉત્કટતાનાં આ દશ્યો, પ્રેમનાથનું દિલફેંક જુવાનનું પાત્ર અને તેની ચેષ્ટાઓ જુવાન પેઢી ઉપર કેવી અસર કરતાં હશે ? તમને નથી લાગતું કે રાજકપૂરનું 'બરસાત' જુવાન પેઢીના માનસને દૂષિત કરશે?'

પૃથ્વીરાજે જવાબ આપ્યો તે કંઈક આવો હતો : 'આ સવાલ તમારે રાજકપૂરને કરવો જોઈએ. એનો જવાબ હું આપીશ તો તમને થશે કે હું મારા પુત્રનો બચાવ કરું છું. પણ તમને હું એક સામો સવાલ કરું - આપણે આપણાં યુવક-યુવતીઓ વિશે શું માનીએ છીએ? આપણે આ ખરાબ છે, ખરાબ છે કહીને તેની આંખોથી કેટલુંક કાઢ્યા કરીશું ? બાળખોને, જુવાનોને આપણે શું 'ગ્લાસ વીથ કેર,' સાચવી-સંભાળીને રાખવા જેવી કાચની વસ્તુઓ બનાવી દેવાં છે ? તમે શું એવું માનો છો કે તમે બાળકથી, જુવાનથી જિંદગીથી બરચ્છ બાજુ ઢાંકેલી રાખશો એટલે તે સદ્ગુણી જ બની રહેશે ? શું સદ્ગુણો પાપના સંપૂર્ણ અજ્ઞાનમાંથી પાંગરે છે? આને તમે શું નિર્દોષતા કહેશો? નવી પેઢીથી તમે ઘણુંબધું છુપાવ્યા કરશો તો તેથી તે નિરોગી બની જશે, તેવું માનવાની ભૂલ કરશો નહીં. આવું કરીને તમે તેમને સદ્ગુણ શીખવી નહીં શકો; એ માત્ર દંભ શીખશે. રુપજીવીઓની છબીઓ સંતાડ્યા કરશો, તો તે માત્ર સતીઓની છબીઓ જ પિછાનશે, તેમ માનવું ભૂલભરેલું છે.' છુપાવેલી વસ્તુએ તેનું પોતાનું આકર્ષણ છે. હું કહું છું કે તેને જિંદગીની બધી બાજુઓ જોવા દ્યો અને તેમાંથી સારી બાજુ ગ્રહણ કરવાની તેની શક્તિ નહીં વિકસાવો તો તે મહાત્મા ગાંધીના જીવનચરિત્રમાંથી પણ માત્ર ચોરીનો પ્રસંગ જ પકડી લેશે અને મનમાં ને મનમાં કહેશે કે, મહાત્મા જેવા મહાત્માએ પણ ચોરી કરી હતી તો આપણે તેમ કરીએ તો શું ખોટું ? તમે તેને વિવેક શીખવો.

'મારું માનો તો સદ્ગુણોનો ચારો ચરાવવા માટે પણ બાળકોને તેના વાડામાં પૂરવાનું રહેવા દ્યો. સદ્ગુણના વિકાસના શુભ હેતુથી પણ આવાં બંધનો ઊભાં કરવાનું માંડી વાળો. તેમને છૂટા મૂકો. તેમને પણ ભૂલ કરવા દો. તમે તેને જિંદગીની તલવાર આપી છે, તો સાથે તલવારનું મ્યાન પણ આપો અને મ્યામનાં તલવાર નાખતાં તેને શીખવો. તલવાર શું છે એ તે જોઈ પણ ના શકે, તે માટે માત્ર તેને ધ્યાન ન આપો. આમ કરશો તો માત્ર કુતૂહલ જ કોઈક દિવસ તે મ્યાન તોડી રાખશે અને એમાં રહેલી તલવાર તેને જ ઘાયલ કરશે.'

બિનવિવાદાસ્પદ ઉકેલ આવી ના શખે. વખત જતાં પૃથ્વીરાજની વાતમાં તથ્ય લાગ્યું. આપણે ફિલ્મોને સેન્સર કરીએ કે તેનો બહિષ્કાર કરીએ, આપમે પુસ્તકો ઉપર પ્રતબિંધની જેહાદ ચલાવીએ કે તેને લોકોની આંખે ચડતાં રોકીએ, તેથી પાપોનો અને દુરાચારનો ક્ષય થઈ જવાની આશા રાખતા હોઈએ તો તે મોટી ભૂલ છે. આપણે જેને સદાચાર કહીએ છીએ તે પણ માણસના જીવનમાંથી ઊગેલો હોવો જોઈએ. તેની ફોરમ તેના પોતાનામાંથી પ્રગટવી જોઈએ.

બાળકની આંખથી આપણે જન્મની ઘટના કે મોતનો બચાવ ઢાંકેલા રાખીશું તો તેથી, શું થવાનું ? દુનિયામાં નવાં બાળકો આવે છે, અને માણસો મરી જાય છે, કયાંક અલોપ થઈ જાય છે, તે હકીકત કયાંક ને કયાંક તેની સમજ સાથે અથડાયા જ કરે છે. જિંદગીની વાસ્તવિકતાઓ સંપૂર્ણપણે સંતાડી-છુપાવી શકતા નથી. જીવનના ચિત્રમાંથી માત્ર રૂપાળા રંગો જ બતાવવાની અને તેનાં કાળાં ધાબાં ઢાંકી દેવાની તમારી મથામણ એળે જવાની છે. જીવનનું ગમે તેવું અટપટું પણ આખું ચિત્ર જ તેનેજોવા દેવું પડશે. તમે જોવા નહીં દો તોપણ વહેલું મોડું તે તેની આંખે ચઢવાનું જ છે.

જે પ્રકૃતિગત છે તેને તમે તદ્દન ભુલાવી નહીં શકો. આખી દુનિયા ઉપર કાળો પડદો પાડીને તમે એક સ્ત્રી અને એક પુરુષને નિર્દોષ શિશુના સ્વરુપે કોઈક નિર્જન ટાપુ ઉપર એકલા મુકી દેશો, તો પણ ફરી આદમ અને ઈવની કહાણી શરૂ થયા વગર રહેવાની નથી. અજ્ઞાન કદી સદ્ગુણનું ફળદાયક ખાતર બની શકતું નથી. માણસ માણસને સારાખોટાની, દૂધ અને પાણીની સમજ આપી શકે, વિવેક આપી શકે; બાકી માત્ર દૂધ દેખાડવાથી તે પાણીથી અજ્ઞાત રહે તેમ માનવું ભૂલભરેલું છે.

ચોપડીઓ ઉપર, ફિલ્મો ઉપર તમે 'ફોર એડલ્ટસ ઓનલી', 'ફક્ત પુખ્ત વયનાઓ માટે જ' એવી ચેતવણી ચીતરાવી શકશો. પણ આ સંસાર ફોર એટલ્ટસ ઓન્લી, પુખ્ત વયનાઓ માટે જ છે તેવું તમે કંઈ રીતે શીખવશો? તમે બાળકને કયાં રાખશો ? કેટકેટલા પડદા, કેટલી કેટલી ઓઝળ ઊભી કરશો ? ગમે તેટલા પડતાં પાછળ છતાંય તેમ તેના મનને અંધારામાં રાખી નહીં શકો. તેને જે જોવું હોય તે જોવા દો, જાણવું હોય તો જાણવા દો અને તે જે જુએ છે, તે જે જાણે છે, તેનો મર્મ સમજાવો. તમે માનો છો તેની માણસની નમાલી માટી નથી - તમે કીચડ કરવા નાખેલી માટીમાંથી પણ કમળ બેઠાં થઈ જાય છે. બહારવટિયો વાલ્મિકી બને છે અને સાપને દોરડું સમજવા જેટલો કામાતુર સંત તુલસીદાસ બને છે. પુણ્યની જરૂર દોસ્તી કરાવો, પરંતુપાપની પણ પિછાણ તેને થવા દ્યો. તે પાપનો જ ભાઈબંધ બની જશે, તેવો ડર રાખવાની જરૂર નથી.

**Last Seen :**

પડતીમાં પડે છે જે મુખ પર ઉત્કર્ષ ગણી લઉં છું તેને,
તે મારા જીવનનું ઘડતર છે, જે ચોટ હૃદય પર લાગે છે.

- ગની દહીંવાલા

nehalgadhavi101@gmail.com

# દલાઈલામા અને તિબેટકાર્ડથી દિલ્હી-બીજિંગ સંબંધોમાં ખટાશ



**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઈ

લદ્દાખ સરહદે હાલ પૂરતું બંને બાજુનું લશ્કર પાછું હટ્યું હોવાને કારણે ભારત-ચીન સંબંધોમાં તંગદિલી ઘટ્યાનું અનુભવાય છે, પણ ૧૯૬૨ના ચીની આક્રમણના અનુભવને જોતાં બીજિંગની આંખમાં રમતાં સાપોલિયાંને પીછાણવાનું મુશ્કેલ છે. એ વેળા પણ ચીને પોતાના લશ્કરને સરહદેથી પાછું ખેંચી લીધું એના ૯૭ દિવસ બાદ ભારત પર આક્રમણ કર્યું હતું. ચીન સામાન્ય રીતે ભરોસાપાત્ર લેખાતું નથી, તેમ છતાં પાડોશી દેશ હોવાને કારણે એની સાથે સંબંધ સારા રાખવાનીભારતના તમામ પક્ષોની સરકારની મહેચ્છા છતાં એ વાંકું જ ચાલતું રહ્યું છે. ચીનની આંખમાં કણાની જેમ ખટકતા રહેતા તિબેટના ધર્મગુરુ દલાઈ લામાને ભારતમાં રાજ્યાશ્રય અપાયાના મુદ્દે ભડકેલા ચીને ૧૯૬૨માં ભારત સાથે ૧૯૫૪માં થયેલા ૮ વર્ષના પંચશીલ કરારની મુદત પૂરી થતાંની સાથે જ આક્રમણ કર્યું હતું. અત્યારે ભારત ફરતે તમામ દેશોમાં પોતાનો પગદંડો જમાવી રહેલા ચીનનો અજગર ભારતને ભરડો લેવા સતત પ્રયત્નશીલ છે.આમ છતાં ભારત હવે ૧૯૬૨નું ભારત નથી એનો અહેસાસ એને થઈ રહ્યો છે. પાકિસ્તાન અને નેપાળ તો ચીનના કહ્યાગરા દેશો હોવા ઉપરાંત ભૂટાનને પણ એ કનડી રહ્યું છે. આજે પણ ચીન ભારત પર આક્ષેપ મૂકે છે કે દિલ્હી દલાઈ લામા અને તિબેટ કાર્ડ ખેલીને ચીનમાં વિદ્રોહ કરાવવા માંગે છે. ભારત અમેરિકાથી વધુ નજીક જોવા મળે એટલા માત્રથી બીજિંગના પેટમાં શૂળ ઉપડે છે. કોઈપણ ભોગે ચીન ભારત કને એના પ્રભાવને સ્વીકારાવવા તત્પર છે, પરંતુ ભારત એ બાબતમાં નમતું જોખવાને બદલે લડાયક મિજાજ દાખવે ત્યારે એ કોઈક છમકલાં કરવાની આડોડાઈ કરે છે. ૨૦૧૭માં ડોકલામ વિવાદ સર્જાયો અને યુદ્ધના ભણકારા વાગતા હતા. જોકે કોઈ દેશને હવે યુદ્ધ કરવાનું પોસાય તેમ નથી. હાકલાદેકારા તો આ વખતે પણ થયા પણ મંત્રણાઓ થકી હાલપૂરતો મામલો ટાઢો જરૂર પડ્યો છે. કાલે શું થાય એ કહેવું મુશ્કેલ છે.

**ધર્મશાલામાં ભવ્ય ઓચ્છવ**

તિબેટના બૌદ્ધોના આસ્થાસ્થાન એવા ૧૪મા દલાઈ લામા એપ્રિલ ૧૯૫૯થી ભારતમાં રાજ્યાશ્રય હેઠળ હિમાચલ પ્રદેશના ધરમશાલામાં રહે છે. ૬ જુલાઈ ૨૦૨૦ના રોજ એમના શ્રદ્ધાળુઓએ એમના ૮૫મા જન્મદિનની ભવ્યઉજવણી કરી હતી. દલાઈ લામાએવીડિયો સંદેશમાં પોતાના શતાયુ થવા માટે શ્રધાળુઓને "ઓમ મણિપદ્મે" મંત્ર હજાર વાર રટવાનું કહ્યું છે. ૧૯૫૦માં ચીને તિબેટ પર કબજો મેળવ્યા પછી નવ-નવ વર્ષ સુધી પીકિંગ-બીજિંગ સાથે પોતાના ભાઈ અને સમર્થકો મારફત મંત્રણા કરતા રહ્યા,પરંતુ ચીનમાં માઓ સરકાર થકી ધરપકડ થવાના અંદેશાને પગલે બે હજાર શ્રદ્ધાળુઓ સાથે તિબેટથી લશ્કરી ગણવેશમાં ૧૯૫૯માં ઈશાન ભારતના તવાંગ માર્ગે ભારત ભાગી આવ્યા હતા. એ વેળા દલાઈ લામાની સાથે વડાપ્રધાન પંડિત નેહરુએ મસૂરીમાં ચાર કલાક વાતચીત કર્યા પછી, ચીનની ખપગી વહોરીને પણ, એમને રાજ્યાશ્રય આપવાનો નિર્ણય કર્યો હતો. ૧૯૪૯માં એ વેળાના પીકિંગ અને અત્યારના બીજિંગમાં માઓ ઝેદાંગની ક્રાંતિકારી સામ્યવાદી સરકાર સ્થપાયા પછી દલાઈ લામાના શાસન હેઠળના તિબેટને ચીને ૧૯૫૦માં પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) મોકલીને ગપચાવ્યું હતું. ૧૯૧૨થી તિબેટના ધાર્મિક નેતા અને ૧૩મા દલાઈ લામાના શાસન તળે સ્વતંત્ર દેશ હતો, પણ ચીને ૧૯૫૦માં એના પર પોતાનો દાવો જમાવી દીધો હતો.

- **દેકારા તો આ વખતેય થયા પણ મંત્રણાઓ થકી હાલપૂરતો મામલો ટાઢો જરૂર પડ્યો**
- **વર્ષ ૧૯૧૨થી તિબેટના ધાર્મિક નેતા અને ૧૩મા દલાઈ લામાના શાસન તળે સ્વતંત્ર દેશ હતો**
- **૬૦ વર્ષથી દલાઈ લામા તિબેટની બહાર છતાં તિબેટના બૌદ્ધોમાં એમના પ્રત્યેની અપાર શ્રદ્ધા**
- **શાંતિનું નોબેલ પ્રાઈઝ મેળવનાર આધ્યાત્મિક નેતા ભારતના યલો કાર્ડ પર દુનિયાના પ્રવાસે**

**દલાઈ લામાથી ચીનને સન્નિપાત**

હવે તો સ્વયં દલાઈ લામા અને ભારત સરકાર પણ તિબેટને ચીનનું અવિભાજ્ય અંગ માને છે. આટઆટલાં વર્ષથી દલાઈ લામા અને એમના લાખો અનુયાયીઓ ભારતમાં વસે છે. જયારે આ દલાઈ લામાને પંડિત નેહરુએ રાજ્યાશ્રય આપ્યો ત્યારે એ એમના ભણી ખૂબ આભારની લાગણી ધરાવતા હતા. હવે ભારતમાં નેહરુવિરોધી શાસકો હોવા ટાણે આ જ દલાઈ લામાને નેહરુની રાજકીય ટીકા કરીને પાછું ફેરવી તોળવાનું ફાવે છે. રાજ્યાશ્રયની શરત એ છે કે એમને કે એમના જે અનુયાયીઓને ભારત સરકારે રાજ્યાશ્રય આપ્યો હતો તેમણે ચીન કે ભારતની રાજકીય બાબતો કે આંતરિક બાબતો અંગે કોઈ પ્રવૃત્તિ કે ટીકા ટિપ્પણ કરવી નહીં. શેઠની શીખામણ ઝાંપા સુધી જેવો તાલ જોવા મળે છે. ભારતના ધર્મશાલામાં રહીને આરઝી હકૂમત સરકાર (ગવર્નમેન્ટ-ઈન-એકઝાઈલ) ચલાવતા રહેલા તિબેટના આ સર્વોચ્ચ નેતા માત્ર ભારતમાં જ નહીં, દુનિયાભરમાં ચીન વિરોધી ઝુંબેશ ચલાવતા રહ્યા છે. એમણે પોતાની જન્મભૂમિ પરત જવાની ઈચ્છા અનેકવાર વ્યક્ત કરી છે; પરંતુ ચીનની સરકાર તેમને ભાગલાવાદી ગણી પોતાના દેશના દુશ્મન લેખે છે તથા ચીનમાં ઘૂસવા દેતી નથી. વાત આટલે અટકતી નથીઃ દલાઈ લામા પોતે તિબેટને ચીનનો હિસ્સો માનવા માંડ્યા હોવા છતાં ચીન હવે ૧૫મા દલાઈ લામા પોતાની રીતે નિયુક્ત કરવાની વેતરણમાં છે. ભારતમાં રાજ્યાશ્રય હેઠળ રહેનારા ૧૪મા દલાઈ લામા પણ પોતાના અનુગામી ૧૫મા દલાઈ લામા વિશે ભળતાંસળતાં નિવેદન કરતા રહે છે. એમની સત્તાવાર વેબસાઈટનો અભ્યાસ કરનારના ધ્યાને આ આવ્યા વિના રહે તેમ નથી. ક્યારેક એ કોઈ મહિલાને પોતાની અનુગામી નિયુક્ત કરવાની વાત કરે છે તો ક્યારેક આ ધાર્મિક હોદ્દાની પરંપરાને સમાપ્ત કરવાની વાત કરે છે. જોકે આટઆટલાં વર્ષથી તેઓ તિબેટની બહાર હોવા છતાં તિબેટના બૌદ્ધ લોકોમાં એમના પ્રત્યેની અપાર શ્રદ્ધા ચીનના કમ્યૂનિસ્ટ શાસકોને પણ અકળાવે છે.

**અરુણાચલ સાટે અક્સાઈ ચીન**

ચીને ગપચાવેલા ભારતના અક્સાઈ ચીન પરનો દાવો દિલ્હી છોડી દે તો અરુણાચલ પ્રદેશને દક્ષિણ તિબેટ ગણીને પોતાનો હક જમાવવાના દાવાને પાછો ખેંચી લેવા ચીન તૈયાર હતું, પણ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના વખતથી આજ લગી આ વાતને ભારત સરકારે સ્વીકારી નથી. અરુણાચલ પ્રદેશ જ નહીં; અક્સાઈ ચીન ઉપરાંત પાકિસ્તાને ગપચાવેલા કાશ્મીર પ્રદેશમાંથી ચીનને એણે ૧૯૬૩માં સોંપેલો ભારતીય પ્રદેશ પણ ભારતનો જ હોવાને કારણે નમતું જોખી શકાય તેમ નથી. આ જ કારણસર હજારો કિલોમીટરની બંને દેશો વચ્ચેની સરહદ હજુ નક્કી થઈ શકી નથી. વાસ્તવિક અંકુશ રેખા (લાઈન ઓફ એક્સ્ચુલ કંટ્રોલ)માં એકમેકની ઘૂસણખોરી અને ટકરાવનાં છમકલાં થયા કરે છે. ૧૯૬૨ના યુદ્ધમાં ભારતને કારમો પરાજય આપ્યા પછી ૧૯૬૭માં જ ભારતીય લશ્કરે નાથુલા સરહદે ચીનને પાઠ ભણાવ્યો હતો. એ પછી ૧૯૮૬-૮૭માં લશ્કરી વડા જનરલ સુંદરજીને તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ આપેલી મોકળાશને પ્રતાપે ઈશાન ભારતની અરુણાચલ પ્રદેશ સરહદે ચીનનું નીચાજોણું થયું હતું. ચીન દલાઈ લામાને ભાગલાવાદી નેતા ગણી પોતાના શત્રુ લેખાવવાનું પસંદ કરે છે. દલાઈ લામા શાંતિનું નોબેલ પારિતોષિક મેળવનાર શાંતિ દૂત તરીકે વિશ્વના દેશોમાં ભારતના યલો કાર્ડ પર મુસાફરી કરે છે. આવતા દિવસોમાં તિબેટ અને દલાઈ લામાના મુદ્દે ગમે ત્યારે ભડકો કરવાની વેતરણમાં બીજિંગ રહેશે. એના પ્રભાવવાળા દેશોમાં તો આ ધર્મગુરુને નિમંત્રણ અપાય તો એ રદ કરાવે છે, પરંતુ ભારત અને અમેરિકા જેવા દેશો આવા ચીની વિરોધને વશ થતા નથી. એની આ જ અકળામણ એને વધુ ભૂરાંટું કરે છે. ભારત-ચીન સંબંધોમાં કાયમી મિત્રતાનો અભાવ આ મુદ્દે સવિશેષ રહે છે.

haridesai@gmail.com